ગાંધીનગર સમાચાર

# વોર્ડ નં. ૫ કોંગ્રેસના ગઢમાં ભાજપનો પગ પેસારો

## શહેરમાં ચાર સીટીંગ કોર્પોરેટર ચૂંટણી લડતા હોય તેવો એકમાત્ર વોર્ડ નં. ૫



**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૫ ભૌગોલિક રીતે લાંબો પટ્ટો છે. સેક્ટર-૧૩, ૧૪, ૧૫, ફતેપુરા, ૧૬, ૧૭ના બનેલા વોર્ડમાં ૧૯૦૬૭ મતદારો છે. ચાર બેઠક માટે ૧૩ ઉમેદવારો જંગમાં છે. શહેરમાં આ એક જ વોર્ડ એવો છે કે જ્યાં ૪ સીટીંગ કોર્પોરેટરો પુનઃ જનાદેશ માટે ચૂંટણી લડે છે. ભાજપ તરફથી શ્રી ગોવિંદભાઈ પરમાર અને કોંગ્રેસના શ્રી ચીમનભાઈ વીંઝુડા, જીતુભાઈ રાયકા અને મીનાબેન વાઘેલા મેદાનમાં છે. પક્ષવાર સ્થિતિ જોઈએ તો ભાજપ કોંગ્રેસના ચાર-ચાર ઉપરાંત એનસીપી, બસપા અને લોક વિકાસ મંચના ૧-૧ ઉમેદવાર સહિત બે અપક્ષો જંગમાં છે.

કોંગ્રેસની પેનલનું નેતૃત્વ કરતાં શ્રી ચિમનભાઈ વિંઝુડા કર્મઠ કાર્યકર્તા છે. ચિમનભાઈ વિંઝુડા મતદારો સાથેનો બહોળો સંપર્ક ધરાવે છે. આજ પેનલના બીજા ઉમેદવાર જીતુભાઈ રાયકા કોંગ્રેસના લડાયક કાર્યકર છે. સ્પષ્ટ વક્તા હોવાથી મતદારોમાં જીતુભાઈનો પ્રભાવ નોંધપાત્ર છે. અનુસૂચિત જાતિ મહિલા બેન્કના સીટીંગ કોર્પોરેટર મીનાબેન વાઘેલા દલિત સમાજના અગ્રણી મહિલા કાર્યકર છે. મહિલા કોંગ્રેસ અને અન્ય સામાજિક વિકાસની સંસ્થાઓના માધ્યમથી મત વિસ્તારમાં નોંધપાત્ર સંપર્કો જાળવી શક્યા છે. જાણીતા એડવોકેટ અને કોંગ્રેસના અગ્રીમ હરોળના નેતા વિદ્યા લાયબ્રેરીવાળા પ્રદિપસિંહ વાઘેલાના ધર્મપત્ની રમીલાબેન કોંગ્રેસના ઉમેદવાર તરીકે મહિલા બેન્ક ઉપર ચૂંટણી લડે છે. પ્રદિપસિંહ વાઘેલાના બહોળા સંપર્કોના પગલે રમીલાબેનને મત વિસ્તારમાં ભારે આવકાર મળી રહ્યો છે.

ભાજપની પેનલનું નેતૃત્વ કરતા સીટીંગ કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર પક્ષના અદના કાર્યકર છે. સેક્ટર-૧૩ અને ૧૪ના ઝુંપડાવાસીઓ અને દલિત સમાજના પ્રશ્નોને સતત રજુ કરતા ગોવિંદભાઈ મતદારો સાથેનો બહોળો સંપર્ક ધરાવે છે. કનુભાઈ દેસાઈ ભાજપના શહેર મહામંત્રી હોવા ઉપરાંત માલધારી સમાજમાં પણ અસરકારક નેતૃત્વ ઉપાડી રહ્યા છે. કનુભાઈ દેસાઈ સામાજીક અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓના માધ્યમથી વિશાળ શુભેચ્છકો ધરાવે છે. ફતેપુરાના ડાહીબેન ઠાકોર ભાજપની પેનલમાં ગ્રામીણ મહિલાનું પ્રતિનિધિત્વ કરે છે. ફતેપુરાના અગ્રણી રામસિંહ ઠાકોરના પત્ની ડાહીબેન સામાન્ય વર્ગમાં અસરકારક સંપર્કો ધરાવે છે. જ્યારે મહિલા બેઠક પર જયઅંબે પરિવારના મહિલા અગ્રણી અને દૂધમંડળીના ડિરેક્ટર રેણુકાબેન દિનેશકુમાર પટેલ સામાજીક પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહે છે. ધાર્મિક-સામાજીક-સહકારી પ્રવૃત્તિઓથી મધ્યમ વર્ગીય સમાજ સાથેનો સંપર્કો નોંધપાત્ર છે.

આ ઉપરાંત એનસીપીના ઈસ્માઈલભાઈ રસુલભાઈ પીંઝારા, લોકવિકાસ મંચના હરગોવિંદ રામાભાઈ ભાંગડે બસપાના રાજપુરી રમેશપુરી ગોસ્વામી તથા અપક્ષ ઉમેદવારો પિયુષકુમાર દશરથલાલ પટેલ અને મહેન્દ્રભાઈ સોમાભાઈ પટણી પણ પોતપોતાના વર્ગમાં નાના-મોટા સંપર્કો ધરાવે છે.

આમ ચાર સીટીંગ કોર્પોરેટર અને નવ નવા ચહેરા વચ્ચે ખેલાતો જંગ ધારણા જેટલો સહેલો નથી. પરંપરાગત કોંગ્રેસના મતદારો ધરાવતો આ વિસ્તાર કોંગ્રેસનો ગઢ ગણાય છે. જેની સામે ભાજપ પણ અસરકારક રીતે ચૂંટણીની વ્યૂહરચના ગોઠવી શક્યું છે. લાંબા-પહોળા વિસ્તાર સમા કોંગ્રેસના ગઢમાં ભાજપ પગપેસારાનો પ્રયાસ કરે છે.

## કોંગ્રેસના પરંપરાગત મતદારોમાં ગાબડા પાડવાનો ભાજપનો ભરપુર પ્રયાસ

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



લાવ મારા બાકી નીકળતા છુટા પૈસા... માલ્યાનું સાંભળ્યા પછી... દારૂ બનાવવાવાળા પરથી મારો ભરોસો જ ઉઠી ગયો છે...!

## સિવિલમાં પાર્ક થયેલી ખીલખીલાટ વાનમાંથી ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સિવિલમાં ઓપીડી વિભાગની સામેની જગ્યામાં રાત્રીના સમયે પાર્ક થયેલી ખીલખીલાટ વાનમાંથી ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો છે. અજાણ્યો ચોર ઈસમ ખીલખીલાટ ગાડીનો દરવાજો ખોલીને અંદર પ્રવેશી ટેપ તેમજ ટીવી સ્ક્રીન નીકાળવાનો પ્રયત્ન કર્યો હતો તેમાં સફળતા મળી નથી.બનાવ અંગે ખીલખીલાટ તંત્રએ યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા રાજયના દરેક વ્યકિતને આરોગ્યલક્ષી સેવા સરળતાથી મળી રહે તે અંગેના પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ૧૦૮ની પ્રસંશનીય કામગીરીને જોતા વધુ એક સેવા શરુ કરવામાં આવી હતી. જેમાં હોસ્પિટલમાં જન્મેલા નવજાત બાળક અને તેની માતાને ઘરે મુકવા માટે સરકાર દ્વારા ખીલખીલાટની વાનની સેવા ઉપલબ્ધ કરાઈ છે. ગાંધીનગર સિવિલ કંપાઉન્ડમાં પણ ખીલખીલાટ વાનની સેવા કાર્યરત છે. સિવિલ સંકુલમાં ખીલખીલાટની વાન રાત્રીના સમયે પાર્કીંગ કરવામાં આવે છે. ત્યારે ગત્ રાત્રીના સમયે ઓપીડી વિભાગની સામે પાર્ક થયેલી ખીલખીલાટની વાનનો ડ્રાઈવર સાઈડની બાજુમાં આવેલ દરવાજો તેમજ તેની પાછળના દરવાજાની પટ્ટી કાઢીને



દરવાજો ખોલીને ચોર ઈસમ અંદર પ્રવેશ્યો હશે. કારણ કે વાનની બાજુમાં વળેલી દરવાજાની પટ્ટી પડી હતી.

ખીલખીલાટ વાનની અંદર પ્રવેશી ટેપ તેમજ ટીવી સ્ક્રીન નીકાળવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તેમાં સફળતા પ્રાપ્ત થઈ નહોતી.

વાનની અંદર રહેલી ચીજવસ્તુઓ પણ વેર -વિખેર કરી દીધી હતી. ચોરીના પ્રયાસની જાણ સવારે ખીલખીલાટના સ્ટાફને થતા તાત્કાલીક સિવિલ ખાતે દોડી આવ્યા હતા અને વાનમાં તપાસ કરી હતી પરંતુ વાનમાંથી કોઈ ચીજવસ્તું ચોરાઈ નથી.બનાવ અંગે ખીલખીલાટ તંત્રએ યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છેકે સિવિલનો તાત્કાલીક વિભાગ ૨૪ કલાક ધમધમે છે. રાત્રીના સમયે પણ માણસોની અવર-જવર રહે છે તેવા સમયે ખીલખીલાટ વાનમાંથી ચોરીનો નિષ્ફળ પ્રયાસ થતા સિવિલ તંત્ર ચોંકી ઉઠ્યું છે. ત્યારે સિવિલના સીસીટીવી કેમેરામાં આ બનાવ કેદ થાય છે કે નહી તે જોવું રહ્યું..

### ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીને લઈ ગઈકાલે રાજયના સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી રમણલાલ વોરા તેમજ ધારાસભ્ય પૂનમભાઈ મકવાણા સે. ૧૩માં પ્રચાર અભિયાનમાં જોડાયા હતા.
- ગાંધીનગર મનપાની ચૂંટણી માટે જિલ્લા તંત્રએ ખાસ કોમ્યુનિકેશન પ્લાન પણ તૈયાર કર્યો છે.
- મનપાની ચૂંટણી માટે ફરજ પર મુકાયેલ કર્મચારીઓને બે તબક્કાની તાલિમ પૂર્ણ થઈ ગઈ છે.
- ગાંધીનગર મનપાની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રદેશ નેતાઓ ડૉ. જીતુ પટેલ, બાલુભાઈ પટેલ અને ધારાસભ્યોની ટીમો આજથી પ્રચાર અભિયાનમાં જોતરાઈ ગઈ છે.
- જિલ્લા પંચાયતના કર્મચારીઓ ૨૫મી એપ્રિલના રોજ બઢતીના મુદ્દે હડતાલ પર જવા અંગે ગંભીરતાથી વિચારણા કરી રહેલ છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સાંસદ લીલાધર વાઘેલાના ધર્મપત્નીને સારવાર માટે લઈ આવવામાં આવ્યા હતા.
- ગાંધીનગર મનપાની ચૂંટણીમાં ૩૧૬ સર્વિસ વોટર્સ નોંધાયા છે.

## સેક્ટર-૨૨માં રહેતા યુવાનનો પંખે લટકી જઈ ગળેફાંસો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ ખાતે રહેતા ૨૮ વર્ષિય યુવાને રાત્રી દરમ્યાન પોતાના રૂમનો દરવાજો અંદરજી બંધ કરીને પંખે લટકી જઈ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. સવારે દરવાજો બંધ જોતા માતા-પિતાએ દરવાજો ખટખટાવ્યો પરંતુ કોઈ જવાબ ન મળતા દરવાજો તોડી અંદર જોયુ તો દિકરાએ આપઘાત કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું હતું. એક વર્ષ પહેલા જ તેના લગ્ન થયા હતા અને પત્નિ હમણાંજ પિયર ગઈ હતી. સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

સેક્ટર-૨૨, ચ-ટાઈપ બ્લોક નં. ૧૩૪/૧ ખાતે રહેતા ગૌરીશંકર નાગર નિવૃત્ત કર્મચારી છે. તેમનો ૨૮ વર્ષિય દિકરો મેહુલ નાગરના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. પત્નિ હમણા પિયર ગઈ હતી. મેહુલ શેરબજાર સાથે સંકળાયેલો હતો. ગઈ રાત્રે ૧૨ વાગ્યે મેહુલ ઘરે આવ્યો અને પોતાના રૂમમાં ગયો હતો. સવારે ૭ વાગ્યાના અરસામાં માતા-પિતા ઉઠ્યા ત્યારે મેહુલના રૂમનો દરવાજો અંદરથી બંધ જોઈ ચોંકી ગયા હતા. દરવાજો ખટખટાવ્યો ત્યારે કોઈ જવાબ ન મળતા બુમાબુમ કરી દરવાજો તોડ્યો હતો. અંદર જોયુ તો દિકરો પંખે લટકી ગયેલી સ્થિતિમાં હતો. રાત્રી દરમ્યાન કોઈ અગમ્ય કારણોસર તેણે ગળે ફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી નાંખ્યુ હતુ. સે. ૨૧ પોલીસ મથકના જમાદાર વિજયસિંહે મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરૂ કરી છે.

### સેક્ટર- ૨૯માં પરિણીતાનો અને ઉનાવાના યુવાનનો આપઘાતનો પ્રયાસ

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં આપઘાત અને આપઘાતના પ્રયાસના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. દર બે દિવસે એકાદ-બે આપઘાતના કિસ્સા બનવા પામે છે. આજે સે. ૨૨માં પરિણીત યુવાને આપઘાત કર્યો તે ઉપરાંત અન્ય બે આપઘાતના પ્રયાસના બનાવો પણ બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. સેક્ટર-૨૯ના છ-ટાઈપ વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષિય પરિણીતા પંખે દુપટ્ટો બાંધી લટકી ગઈ હતી પરંતુ અચાનક તેના પર પરિવારજનોનું ધ્યાન જતા બચાવી લઈ હોસ્પિટલ લઈ જવાઈ હતી. હાલ તેણીની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. તો બીજી ઉનાવા ગામમાં રહેતા ૩૦ વર્ષિય યુવાને કોઈ કારણોસર પોતાના ઘરે જંતુનાશક દવા ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેને પણ સમયસર હોસ્પિટલ લઈ જઈ બચાવી લેવામાં આવ્યો છે.



મતદાર સંપર્ક અભિયાન : વોર્ડ નં. ૫માં ભાજપની પેનલ સેક્ટર-૧૩, ૧૪ અને ૧૬, ૧૭માં ઘરે ઘરે મતદારોનો સંપર્ક કરાઈ રહ્યો છે. વોર્ડના સામાન્ય અને મધ્યમવર્ગીય સમાજ દ્વારા પેનલના સક્રિય ઉમેદવારોને આવકાર મળ્યો હતો.

### ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા ત્રિ-દિવસીય મારૂતી યાગ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૦ થી ૨૨ એપ્રિલ સુધી શ્રી મારૂતિયાગનું આયોજન કરવામાં આવ્યું છે. પંચદેવ મંદિર સેકટર-૨૨ ખાતે સવારે ૭.૦૦ કલાકે મારૂતિયાગનો પ્રારંભ કરવામાં આવશે. તા. ૨૨ એપ્રિલને શુક્રવારના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ કરાશે ત્યારબાદ બપોરના ૧૨.૩૦ કલાકે મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે યજમાનપદે ભરતકુમાર ભટ્ટ, વિજયકુમાર ભટ્ટ, ભરતકુમાર પંડયા, રાજુલભાઈ જોશી, કશ્યપકુમાર ગોર હાજર રહેશે.

## માણસા તાલુકાના દેલવાડ ખાતે સર્વપ્રથમ ૨૪ એપ્રિલે ગાંધર્વ વિવાહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

જાહેર જનતાને ખાસ આમંત્રણ આપતા હર્ષ અનુભવીએ છીએ કે ભારતીય પરંપરા અને ભારતીય સંસ્કૃતિની પ્રાચીન વિરાસતાના ભાગરૂપે તા. ૨૪ એપ્રિલ ૨૦૧૬ને રવિવારના રોજ પ્રથમ સામુહિક ગાંધર્વ વિવાહનું આયોજન કરેલ છે. જેનો મુખ્ય હેતુ સમાજમાંથી અંધશ્રદ્ધા, અંધવિશ્વાસ, કુરીવાજો, ખોટા ખર્ચાઓ વગેરેને સદંતર દૂર કરવા અને પ્રાચીન સંસ્કૃતિની વિરાસતને પ્રાધાન્ય આપી એક સુસંસ્કારી કુટુંબનું નિર્માણ કરવું. આ કાર્યને વેગ આપવા આપણી ઉપસ્થિતિ એ અમારા માટે આપના તરફથી અમોને મળેલી મહાભેટ છે.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના દેલવાડ ખાતે સૌ પ્રથમ ગાંધર્વ વિવાહ ૨૪ એપ્રિલને રવિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૦૦ કલાકે યોજાનાર છે. સદગુરુ સાહેબ આશ્રય સ્થાન દેલવાડ આયોજીત રોહીત સમાજના સૌ પ્રથમ ગાંધર્વ વિવાહ કાર્યક્રમ યોજાનાર છે. ગાંધર્વ વિવાહ કાર્યક્રમમાં પાંચ નવદંપતિઓને આશિર્વાદ આપવા ઉપસ્થિત રહેવા જણાવેલ છે. આ વિવાહમાં નવદંપત્તિ તેમજ વાલીઓ દ્વારા શણગાર સજવામાં આવનાર નથી. સાદગી અને ગાંધર્વ વિવાહની રીતરીવાજ મુજબ યોજાનાર વિવાહ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

### મહાવીર જયંતિની શુભકામના પાઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જૈન અને જૈનેતર સમાજના સૌ નાગરિકોને મહાવીર જયંતીના પર્વની શુભકામના પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે કરૂણાને અહિંસાનું તત્વ ચિંતન ભારતની ભૂમિ એ વિશ્વને આપ્યું છે અને ભગવાન મહાવીર સ્વામીએ જીવન આચરણથી તેને આત્મસાત કરાવ્યું છે.




ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ ગ્રામસભા અભિયાન અંતર્ગત આજે સચિવ શ્રી રાજીવકુમાર ગુપ્તાએ ગાંધીનગર તાલુકાના તારાપુર ગામે ગ્રામસભામાં હાજરી આપી હતી. તો પુંધરા ખાતે સચિવ શ્રી જે.પી. ગુપ્તાએ પણ હાજરી આપી હતી. તસવીરમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભીમજ્યાણી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળુજી સહિતના આગેવાનો નજરે પડી રહ્યા છે.

### મહાવીર જયંતિના પાવન અવસરે રાજયપાલશ્રીની શુભેચ્છાઓ

ભગવાન મહાવીર જયંતિના પાવન અવસરે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજયપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશામાં જણાવ્યું છે કે ભગવાન મહાવીરે સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, ક્ષમા અને પ્રેમના સિધ્ધાંતો વિશ્વભરમાં પ્રસ્થાપિત કર્યા છે. તેમણે માનનવજાતિને સત્ય અને અહિંસાના સિધ્ધાંતો પર ચાલવાનો ઉપદેશ આપ્યો છે. તેમના આ મહાન ઉપદેશનું આપણે સૌ જીવનમાં અનુસરણ કરીએ.